ઉઘડતે પડદે - ધ્વનિલ પારેખ

‘૧૦૨ નૉટ આઉટ’ હા, બિલકુલ નૉટ આઉટ

એક નાટક વિશે કેવી આવી વાત છે, નાટક દ્વિઅંકી છે અને માત્ર ત્રણ પાત્રો છે. વળી, ત્રણે પુરુષ પાત્રો છે એમાં પણ એક પાત્રની ઉંમર ૧૦૨ વર્ષ છે અને બીજા પાત્રની ઉંમર ૭૫ વર્ષ છે. સ્ત્રી પાત્ર એક પણ નથી છતાં આ નાટક ૧૦૦થી પણ વધુ પ્રયોગો કરે છે અને હજી કરશે. મુંબઈના અમુક પ્રકારના નાટકો જોવા ટેવાયેલા પ્રેક્ષકોના ગળે આ વાત ઉતરે એમ નથી. પણ આ હકીકત છે. ગુજરાતી રંગભૂમિ સંદર્ભે એને એક નોંધપાત્ર ઘટના લેખાવી જોઈએ અને આવી નોંધપાત્ર ઘટના નિર્માણ કરી છે લેખક-દિગ્દર્શક સૌમ્ય જોશીએ ‘૧૦૨ નોટ આઉટ’ દ્વારા.

સંગીત નાટક અકાદમી તરફથી ૧૩ એપ્રિલ, ૨૦૧૨ના દિવસે ટાઉનહોલ, ગાંધીનગરમાં રજૂ થયું ‘૧૦૨ નોટ આઉટ.’ ૧૦૨ વર્ષની ઉંમરના દત્તાત્રેય જગજીવનદાસ વખારિયા (જયેશ મોરે) અને એમનો ૭૫ વર્ષની ઉંમરનો દીકરો બાબુ (પ્રેમ ગઢવી) એક બંગલામાં એકલા રહે છે. દવાની દુકાનમાં કામ કરતા ધીરુ (હેમીન ત્રિવેદી)નો વૃદ્ધોના જીવનમાં પ્રવેશ થાય છે. બંગલામાં ટીવી, ફ્રીઝ, ફોન બધું બે-બે છે. કારણ? બાપ, દીકરાના રસ જુદા છે બલકે બાપ ૧૦૨ વર્ષની ઉંમરે વધારે રસિક છે અને દીકરાએ જિંદગીમાથી રસ ખેંચી લીધો છે. બાપ હવે દીકરાને રસિક બનાવવાનું, જિંદગીને માણતા શીખવવાનું નક્કી કરે છે અને એમાં એમને ધીરુનો સહયોગ મળે છે. બાપ, એવું નક્કી કરે છે કે ૧૧૫ વર્ષના ચીનના યુંગ પેનો સૌથી લાંબુ જીવવાનો રેકોર્ડ તોડવો. આ રેકોર્ડ તો જ તૂટી શકે કે દત્તાત્રેય વખારિયા બધી નિરસ વસ્તુઓથી દૂર રહે અને એમના જીવનની સૌથી નિરસ વસ્તુ એટલે એમનો દીકરો બાબુ. દત્તાત્રેય બાબુને વૃદ્ધાશ્રમમાં મૂકવાનો નિર્ણય કરે છે. આ નિર્ણય તો જ ફેરવાય જો બાબુ છ મહિના સુધી દત્તાત્રેય જે શરત મૂકે એને પૂરી કરી બતાવે. બાબુ પાસે વિકલ્પ નથી અને એ શરત પૂરી કરવાનો પડકાર સ્વીકારે છે. જેમ જેમ શરતો પૂરી થતી જાય છે બાબુમાં પરિવર્તન થતું જાય છે. જીવનને એ યુવાનીના દિવસોની જેમ માણે છે. હકીકતમાં તો દત્તાત્રેયને ટ્યૂમર હોય છે અને એ છ મહિનાનું જ આયુષ્ય ભોગવી શકે એમ છે પણ મૃત્યુ પહેલા એ દીકરાના જીવનમાં ભરપૂર રસ ભરી જવા માંગે છે અને એટલે એ આ આખી યોજના ઘડી કાઢે છે એને એમાં સફળ પણ થાય છે. ‘બાપ દીકરાને વૃદ્ધાશ્રમમાં મૂકવાનો વિચાર કરે છે’ આ વાતમાં જ એક પ્રકારની વક્રતા અને નાટ્યાત્મકતા રહેલી છે. એક પછી એક શરત દ્વારા એ નાટ્યાત્મકતાને વળ ચઢતો રહે છે એમાં પણ ચોથી શરત બાબુને ગમતી મુંબઈની જગ્યાઓનું દર્શન બાબુમાં આમૂલ પરિવર્તન લાવે છે. નાટકમાં બીજી એક આડ વાત છે જેને કારણે બાબુના જીવનમાંથી રસ ઉડી ગયો હતો. દીકરો અમોલ ૧૭ વર્ષથી વિદેશ છે પણ બાપને મળવા નથી આવ્યો કે બાપને મળવા વિદેશ બોલાવ્યો નથી. બાબુને આ વાતનું ઊંડું દુઃખ છે પણ બાપ તરીકે દત્તાત્રેય અમોલને ધિક્કારે છે. દત્તાત્રેય બાબુને કહે છે, ‘અમુક ઉંમર પછી દીકરાઓને ભૂલી જવા સારા, એમના બાળપણને યાદ રાખો.’ દત્તાત્રેય બાબુ આગળ છેલ્લી શરત એ મૂકે છે કે, અમોલ પ્રોપર્ટીના નામે મળવા આવે ત્યારે એનો તિરસ્કાર કરવો. બાબુ માટે આ અઘરું છે અને એ ના પાડે છે પણ વળાંક એવો આવે છે કે બાબુ અમોલનો તિરસ્કાર કરે છે. બાપ તરીકે દત્તાત્રેયને એવું લાગે છે કે દીકરા બાબુના જીવનમાં આશ્ચર્ય, વિસ્મય, જિજ્ઞાસા, જુસ્સો, પ્રશ્ન બધું જ આવી ગયું છે એ જીવનને ૭૫ વર્ષે પણ માણતા શીખી ગયો છે ત્યારે એ હસતા હસતા વિદાય લે છે.

એક લીટીની વાતને સૌમ્ય જોશીની કલમે સતત વહેતી હસાવતી રાખી છે. અહીં હાસ્યનું હુલ્લડ છે પણ એ એસએમએસ જોક્સ આધારિત નથી. અહીં પરિસ્થિતિ જન્ય હાસ્ય છે પણ એ પરિસ્થિતિ ફૂવડ નથી અને પરાણે હસાવવાના પ્રયત્નો પણ નથી. પાત્ર, પરિસ્થિતિ અને સંવાદોનું એવું સાયુજ્ય રચાયું છે કે પ્રેક્ષક ખડખડાટ હસ્યા વગર રહી શકતો નથી. સૌમ્ય જોશીના સંવાદોમાં પણ લાગણીભીનો સ્પર્શ છે. નાટકની સમાપ્તિ વખતે પણ એ જ સ્થિતિ છે પણ બાબુને બદલે દત્તાત્રેય છે અને દત્તાત્રેય ચિરનિંદ્રામાં પોઢી જાય છે, જતા પહેલાં એ બાબુને પોતાના મૃત્યુ સમયે સીટી વગાડવાનું કહીને જાય છે. બાબુ સીટી વગાડે છે. આ દૃશ્ય આંખ ભીની કરે એવું છે.

નાટકમાં જે કંઈ બને છે અને જે કંઈ રજૂ થાય છે એ એટલું સાર્થક છે કે વાત હૃદયસ્પર્શી બની રહે છે.

તસવીર : કમલેશ શાહ

નાટક ‘લવ યુ જિંદગી’ ખેલદિલીનો ખેલ બની રહ્યું

તસવીર : કમલેશ શાહ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ટાઉનહૉલ ખાતે ગુરુવારે રાત્રે ભજવાયેલું નાટક ‘લવ યુ જિંદગી’ ગાંધીનગરના પ્રેક્ષકો અને નાટક ભજવનાર કલાકારો માટે પણ ખેલદિલીનો ખેલ બની રહ્યું હતું.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની રાજ્યકક્ષાની નાટ્ય સ્પર્ધામાં ચાલુ વર્ષે શ્રેષ્ઠ નાટક સહિત પાંચ ઇનામો જીતી ચૂકેલા આ વિજેતા નાટકનો પ્રયોગ સંગીત નાટક અકાદમી દ્વારા જ ટાઉનહૉલમાં ગોઠવવામાં આવ્યો હતો. જાણીતા ગઝલકાર ડૉ. રઈશ મણિયાર લિખિત અને વિરલ રાચ્છ દિગ્દર્શિત થિયેટર પીપલ, જામનગરનું આ નાટક સુંદર તો હતું જ અને તેને હૉલ ભરીને બેઠેલા પ્રેક્ષકો સારી રીતે માણી જ રહ્યા હતા તે દરમ્યાન એક અકસ્માત થયો. નાટકના મુખ્ય કલાકાર જય વિઠ્ઠલાણી બીજા અંકનું એક દૃશ્ય પૂર્ણ કરીને બૅક સ્ટેજ જતી વેળા પગથિયું ખસી જવાથી નીચે પડી ગયા અને તેમના જમણા પગમાં ઈજા થઈ.

તેમનો જમણો પગ અગાઉથી જ ઈજાગ્રસ્ત હતો અને તેમાં સળિયો નાખવામાં આવેલો છે. ઉપરથી આ અકસ્માત થયો. ચાલુ દૃશ્યએ નાટક થોભાવવું પડ્યું અને દિગ્દર્શકે પ્રેક્ષકોને અકસ્માતની જાણ કરી થોડીવાર રાહ જોવા વિનંતી કરી એમ પણ જણાવ્યું કે, ‘કલાકારને ફ્રૅક્ચર નહીં હોય તો અમે નાટક અગાળ ચલાવી શકીશું નહીંતર અહીં જ અટકાવવું પડશે.’

પ્રેક્ષકોએ પૂરી ખેલદિલીથી આ વિનંતી સ્વીકારી અને ચૂપચાપ હૉલમાં બેસી રહ્યા. નાટકનાં અન્ય અદાકારા ડૉ. પશ્મીના જોષી રૂપારેલીયા વ્યવસાયે તબીબ છે, તેમણે જય વિઠ્ઠલાણીનું નિદાન કરી જોયું. દરમ્યાન ભીમ વાકાણી અને ડૉ. પ્રદીપ આઝાદે પ્રેક્ષકોને સંબોધન કરવાનું ચાલુ રાખ્યું ને દિગ્દર્શક વિરલ રાચ્છ વચ્ચે વચ્ચે ઘાયલ કલાકારના ખબર આપતા રહ્યા.

વીસ મિનિટે એવી જાહેરાત થઈ કે વાર્તા અધૂરી ન રહે તે માટે નાટક પૂર્ણ કરવા કલાકાર તૈયાર છે. અલબત્ત, તે સ્ટેજ પર નહીં આવી શકે પણ સ્ટેજ પાછળથી સંવાદો આપશે અને અન્ય કલાકારો અભિનય ચાલુ રાખશે. વળી પાંચ મિનિટે એવી જાહેરાત થઈ કે કલાકાર જય વિઠ્ઠલાણી સ્ટેજ ઉપર પણ આવશે પણ મૂવમેન્ટ નહીં કરી શકે. એક ખુરશી પર બેસીને પોતાના સંવાદો આપશે અને પ્રેક્ષકોનો રસ જાળવી રાખવાનો પ્રયાસ કરશે.

એ પછી નાટક આગળ ચાલ્યું. પોતાનું દૃશ્ય ન હોય ત્યારે જય ચાદર ઓઢીને બેસી રહેતા અને દૃશ્ય આવે એટલે ચહેરો ખુલ્લો કરી સંવાદો બોલતા. કલાકાર પોતાની કલા માટે દર્દનેય વિસારે પાડી દે છે એ ઉક્તિ જય વિઠ્ઠલાણીએ સાબિત કરીને બતાવી. દર્દની એક ઝલકેય ચહેરા પર લાવ્યા વિના નાટકનાં બાકી રહેલાં બે દૃશ્યો તેમણે પૂર્ણ કરી બતાવ્યાં ત્યારે પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા.

નાટ્ય કલાકારોની ‘શો મસ્ટ ગો ઑન’ની આ ખુમારીને પ્રેક્ષકોએ ભરપૂર વખાણી તો સામે પક્ષે પચીસેક મિનિટ શાંતિ જાળવીને નાટક જોવા રોકાયેલા રસિક પ્રેક્ષકોના કલા પ્રત્યેના રસ અને સાચા પ્રેક્ષકો તરીકેની ખેલદિલીનો નાટ્ય કલાકારોને પણ પરિચય મળ્યો.

શાળામાં ભણતાં બાળકોના અતિ ગંભીર રોગોની સારવાર સરકારે વિનામૂલ્યે કરી છે : નરેન્દ્ર મોદી

ગરીબી રેખા નીચે જીવતા પરિવારોના જીવલેણ રોગોના દર્દીઓને બે લાખ સુધી આરોગ્ય સારવાર સહાય માટે ‘મુખ્યમંત્રી અમૃતમ્ યોજના’ની જાહેરાત

ગાંધીનગર, તા. ૧૨

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગરીબ કલ્યાણ મેળાના અભિયાનના ત્રીજા દિવસે બી.પી.એલ. ગરીબ લાભાર્થીઓને જીવલેણ દર્દોની સારવાર લેવા માટે રૂા. બે લાખ સુધીની વિનામૂલ્યે સહાય આપવા માટે મુખ્ય મંત્રી અમૃતમ્ યોજના શરૂ કરી છે તેવી જાહેરાત કરી હતી. આ યોજના હેઠળ ગંભીર રોગોની સારવાર લેવા માટે ગરીબ દર્દીઓને માટે બજેટમાં રૂા. ૨૦૦ કરોડ ફાળવી દીધા છે, એમ તેમણે જણાવ્યું હતું. શાળામાં ભણતા બાળકો-લાખો ગરીબ પરિવારોના ગંભીર રોગોની શસ્ત્રક્રિયા સારવાર તદન વિનામૂલ્યે કરાવીને નવી જિંદગી આપનારી પણ આ જ સરકાર છે એમ તેમણે જણાવ્યું હતું. ડૉ. આંબેડકરની ૧૨૧મી જન્મ જયંતીએ ભીમ દિવાળીના દિવસે ગરીબ કલ્યાણ મેળાના આજના ત્રીજા દિવસે ૨૩ તાલુકાના ૧.૩૨ લાખ લાભાર્થીને ૧૭૫ કરોડના લાભોનું વિતરણ થઈ રહ્યું છે તેનો ઉલ્લેખ કરી મુખ્ય મંત્રીશ્રીએ આજે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ માધ્યમથી લાભાર્થીઓને પ્રેરક સંબોધન કર્યું હતું. ડૉ. આંબેડકરના દલિતો-શોષિતો-પીડિતો અને વંચિતોના વિકાસના સપના સાકાર કરવા રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાએ ગરીબોમાં ગરીબી સામે લડવાની શક્તિનો સંચાર કર્યો છે, એમ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગરીબી સામે લડવા શિક્ષણ ઉત્તમ જડીબુટ્ટી છે એમ જણાવી મુખ્ય મંત્રીશ્રીએ વંચિતોના શિક્ષણ માટે વ્યાપક ફલક ઉપર જે યોજનાઓ સુધારી છે તેની વિગતો આપી હતી. ગુજરાતે ગરીબલક્ષી યોજનાઓના વીસ મુદ્દાના કાર્યક્રમના અમલીકરણમાં દશ-દશ વર્ષથી દેશમાં પ્રથમ રહીને ગરીબોના ઉત્કર્ષમાં દ્રષ્ટાંતરૂપ કાર્યસિદ્ધિ કરી છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

આ સરકારે ગરીબોની બેલી બની, નોંધારાનો આધાર બની ગરીબીમાંથી બહાર લાવવા પ્રતિબદ્ધ છે. ચાર ગરીબ કલ્યાણ મેળાની વાર્ષિક ઝુંબેશમાં કુલ મળીને રૂા. ૧૦,૦૦૦ કરોડના લાભો સામે ચાલીને આ સરકાર ગરીબોના હાથમાં સોંપી રહી છે, એની ભૂમિકા તેમણે આપી હતી. ઘરવિહોણા ગરીબો માટે આખા હિન્દુસ્તાનમાં કોઈ રાજ્યે વિચાર્યું પણ ના હોય એવું ૦-૧૬ ગ્ભ્પોઈન્ટવાળા તમામ સાડા આઠ લાખ ગરીબોને પાકા આવાસ આપી દીધા છે, એમ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજ્યભરમાં ૮૬.૩૪ લાખ બાળકોને આજે રસી અપાશે

અમદાવાદ, તા.૧૪

અમદાવાદા સહીત સમગ્ર ગુજરાતમાં આવતીકાલે પલ્સ પોલીયોનો બીજો રાઉન્ડ યોજવામાં આવશે. જેમાં ૦-૫ વર્ષના ૮૬.૩૪ લાખ બાળકોને પોલીયો વિરોધી રસી આપવામાં આવશે. અમદાવાદ જિલ્લામાં ૨.૭૮.૭૬૩ બાળકોને પોલીયો વિરોધી રસી પીવડાવવામાં આવશે.

ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોથી હાથ ધરવામાં આવી રહેલી પોલીયો વિરોધી રસીકરણ ઝુંબેશના પરિણામે એપ્રિલ ૨૦૦૭ પછી રાજ્યમાં પોલીયોનો એકપણ કેસ નોંધાયો નથી અને ગુજરાત પોલીયો મુક્તિની દીશામાં પ્રયાણ કરી રહ્યું છે. આવતીકાલ તા.૧૫મી એપ્રિલે અમદાવાદ જિલ્લાના ૧૦ તાલુકાના ૫૪૬ ગામોમાં ૧૧૩૬ બુથ દ્વારા ૭૦ મોબાઈલ ટીમો, ૭૨ ટ્રાન્ઝીટ ટીમના ૧૬૨ સભ્યો સહીત કુલ ૨૨૭૨ ટીમો દ્વારા પોલીયોની કામગીરી હાથ ધરવામાં આવશે અને ૦થીપ વર્ષ સુધીના ૨,૭૮,૭૬૩ બાળકોને પોલીયો વિરોધી રસી આપવામાં આવશે. આરોગ્ય વિભાગના કર્મચારીઓ, સુપરવાઈઝરો, સ્વૈચ્છીક સેવાર્થીઓ મળી ૪૭૫૫ વ્યક્તિઓ દ્વારા પોલીયો રસીકરણ કામગીરી હાથ ધરવામાં આવશે.

ગુજરાત સમગ્રમાં ૮૬,૩૪,૪૦૩ બાળકોને પોલીયો વિરોધી રસી આપવામાં આવશે. આ માટે ૩૪,૫૩૮ બુથ, ૬૯૦૮ સુપર વિઝન ટીમો, ૬૯,૦૭૫ જેટલાં વ્યક્તિઓ (પ્રત્યેક ટીમના સહાયકો) ૧,૩૮,૧૫૦ આરોગ્ય કાર્યકરો, ૧,૪૫,૦૫૮ માનવસંશોધન કાર્યરત થશે. આ માટે ૧,૦૮,૬૫,૭૦૦ ડોઝ વેક્સીન ઉપલબ્ધ છે.

આર જી કન્યા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૪

તાજેતરમાં જિલ્લા કક્ષાનું મહિલા સંમેલન ટાઉન હૉલ ખાતે યોજાયું હતું. જેમાં મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ દ્વારા શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થીની કુ. ચેતનાબેન રમેશભાઈ પટેલ કે જેને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ એચએસસી સામાન્ય પ્રવાહ પરીક્ષા, માર્ચ-૨૦૧૧માં ૮૮.૪૩ ટકા સાથે તાલુકામાં દ્વિતિય સ્થાન મેળવવા બદલ પ્રમાણપત્ર તેમજ કન્યા કેળવણી નિધિમાંથી રોકડ પુરસ્કાર રૂા. ૫૦૦૦/- પ્રાપ્ત કરેલ છે.

આવતીકાલનો ઉજાસ

ભાવિકા રાજેન્દ્રકુમાર રાવલ
ધોરણ-૧૧, જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય

ભાવિકા શ્રેષ્ઠ શિક્ષણ સાથે સામાજિક પ્રવૃત્તિઓને પણ અગ્રીમતા આપે છે. શાળામાં ચાલતી રાષ્ટ્રીય સેવા યોજનામાં સભ્ય તરીકે ફરજ બજાવે છે.

એનએસએસની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે વૃક્ષારોપણ, ગ્રામસફાઈ, વૃદ્ધાશ્રમ, અંધશાળા, મૂકબધિર શાળા જેવી વિવિધ સંસ્થાઓની મુલાકાત, જરૂરિયાતમંદોને બિસ્કીટ, નોટબૂક, પેન, ધાબળા, ચપ્પલ, સ્વેટર, જૂનાં વસ્ત્રો વગેરેનું વિતરણ કરવા જેવી સેવાભાવી પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક કામગીરી બજાવે છે. જિલ્લાના શાહપુર ગામે યોજાયેલ કૅમ્પ દરમ્યાન ગામના લોકોને ‘બેટી બચાવો’ અને ‘પર્યાવરણ બચાવો’ જેવા સંદેશ આપી જનજાગૃતિનો પ્રયાસ તેણે કર્યો હતો.

ભવિષ્યમાં સનદી અધિકારી બની દેશ માટે કંઈક કરી બતાવવાની મહત્ત્વાકાંક્ષા ભાવિકા ધરાવે છે.

આર જી કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૩

શ્રીમતી આર જી પટેલ કન્યા શાળાની ધોરણ-૯ અની વિદ્યાર્થીની પ્રીતિ પ્રેમજીભાઈ રાઠોડે રાજ્ય કક્ષાની તરણ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન મેળવી રૂા. ૩૬૦૦નો પુરસ્કાર તથા પ્રમાણપત્ર તા. ૮મી માર્ચના વિશ્વ મહિલા દિન નિમિત્તે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પ્રાપ્ત કર્યું છે.

શાળા પરિવારે પ્રીતિને અભિનંદન પાઠવ્યા છે.

ડૉ. આંબેડકરનાં આત્મકથાનાત્મક લખાણો અગાઉ આ રીતે એક સાથે ક્યાંય આવ્યાં નથી

બાબાસાહેબના આત્મકથનનો ગુજરાતી અનુવાદ સુંદર રીતે સંકલિત કરી આત્મકથાના અંશોને એક માળાના મણકા જેમ ગૂંથી ચંદુભાઈ મહેરિયાએ બાબાસાહેબની આત્મકથાના અંશો સરસ પુસ્તક ‘દિલના દરવાજે દસ્તક’ રૂપે આપણી વચ્ચે મૂકી આપ્યા છે

પુસ્તક : દિલના દરવાજે દસ્તક
(ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં આત્મકથાનાત્મક લખાણો)
સંપાદન : ચંદુભાઈ મહેરિયા, અનુવાદ : ઉર્વીશ કોઠારી, ચંદુ મહેરિયા
પ્રકાશક : દલિત અધિકાર પ્રકાશન, બી-૫૮, ન્યુ હીરાબાગ સોસાયટી, ગુરૂકૃપા સ્કૂલ પાસે, સીટીએમ, અમદાવાદ. કુલ પૃષ્ઠ : ૮૦, કિંમત : રૂા. ૨૦

ગુજરાતીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં જીવનકાર્યો વિશે નાની પુસ્તિકાઓ ઘણા લેખકોએ લખી છે. ડૉ. ધનંજય કીર લિખિત પુસ્તકનો ગુજરાતી અનુવાદ ‘ડૉ. આંબેડકર જીવન અને કાર્ય’ પુસ્તક, તે સિવાય પણ તેમનાં જીવન ચરિત્રો ગુજરાતીમાં ઉપલબ્ધ છે. મહારાષ્ટ્ર સરકારની રાહે ગુજરાત સરકારે પણ ડૉ. આંબેડકરનાં ભાષણો, લેખો, પત્રોના સંકલનરૂપી ગુજરાતી પુસ્તક શ્રેણીના કુલ ૨૦ ભાગ પ્રસિદ્ધ કર્યા છે.

પરંતુ આ બધાં પુસ્તકો વચ્ચે ડૉ. બાબાસાહેબ આંબેડકરની આત્મકથા કે તેના અંશો ગુજરાતીમાં ઉપલબ્ધ નથી. હા, એ હકીકત છે કે ગાંધીજીની આત્મકથા ‘સત્યના પ્રયોગો’ની માફક ડૉ. આંબેડકરે રીતસર આત્મકથા લખવાના હેતુથી આત્મકથા લખી નથી પરંતુ વિવિધ જગ્યાએ તેમણે આત્મકથાનાત્મક લેખો લખ્યાં છે, તે અંશો આ પુસ્તકમાં છે. ‘દિલના દરવાજે દસ્તક’ પુસ્તકની પ્રસ્તાવનામાં ભાઈશ્રી ચંદુ મહેરિયા લખે છે, ‘ડૉ. બાબાસાહેબ આંબેડકરનું પ્રગટ-અપ્રગટ સઘળું સાહિત્ય ભારતની અનેક ભાષાઓમાં પ્રકાશિત થઈ રહ્યું છે. એમના વૈચારિક લખાણોના બહોળા ચાહક-વાચક વર્ગને તેમ છતાં તેમની આત્મકથાની ખોટ વર્તાય છે.’

ડૉ. બાબાસાહેબ આંબેડકર : રાઈટીંગ ઍન્ટ સ્પીચીઝ ગ્રંથ-૧૨ના પાંચમા ખંડમાં ‘વેઈટીંગ ફોર વિસા’માં ડૉ. આંબેડકરના આત્મકથાનાત્મક લખાણો છે. તે આત્મકથાના અંશ તરીકે ઉપલબ્ધ બન્યાં છે. આ ગ્રંથ-૧૨માં પ્રગટ થયેલી સાત ઘટનાઓ ઉપરાંત બાબાસાહેબ દ્વારા જ સંપાદિત સામયિક ‘જનતા’ના તા. ૬-૧૧-૧૯૫૪ના અંકમાં તથા ‘નવયુગ’ના તા. ૧૩-૪-૧૯૪૭ના ડૉ. આંબેડકર વિશેષાંકમાં પ્રકાશિત બાબાસાહેબના આત્મકથનનો ગુજરાતી અનુવાદ સુંદર રીતે સંકલિત કરી આત્મકથાના અંશોને એક માળાના મણકા જેમ ગૂંથી ચંદુભાઈ મહેરિયાએ બાબાસાહેબની આત્મકથાના અંશો સરસ પુસ્તક રૂપે આપણી વચ્ચે મૂકી આપ્યા છે. ડૉ. આંબેડકરના આત્મકથાનાત્મક લખાણો અગાઉ આ રીતે એક સાથે ક્યાંય આવ્યાં નથી.

પુસ્તકાવલોકન - યોગેન્દુ એમ ચૌહાણ

મહાત્મા ફૂલે જયંતિ - ૧૧ એપ્રિલ, ૨૦૧૦ના દિવસે પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ થયાના ત્રીજા જ દિવસે બીજી આવૃત્તિ, તેના વીસ દિવસ પછી ત્રીજી આવૃત્તિ અને એક વર્ષપુરું થતાં સુધીમાં ચોથી તથા પાંચમી આવૃત્તિ પ્રગટ કરવી પડે તે આ પુસ્તકની લોકપ્રિયતા બતાવે છે.

બાબાસાહેબ સરખા મહામાનવ પોતાની ઘડતરની કથા જાતે આલેખે ત્યારે તેમના વિશેની જાણકારીમાં જ નહીં બલ્કે સમજણમાં પણ ઉમેરો થાય છે. ડૉ. આંબેડકરના વિચારો જેટલો જ, બલ્કે તેનાથી પણ વધારે રસ તેમના અંગત જીવનનાં સંભારણાંમાંથી નીપજે છે. અંગત જીવન વિશેની બહુ ઓછી જાણીતી હોય તેવી વિગતો આ લખાણોમાં છે, જે અભ્યાસુથી માંડી સામાન્ય વાચક સુધીના સૌ કોઈ માટે રસપ્રદ છે.

પુસ્તક મુખ્ય ચાર પ્રકરણોમાં વિભાજીત છે. પ્રથમ પ્રકરણ ‘આ છોકરો જીવનમાં કશું ઉકાળી શકવાનો નથી’માં બાબાસાહેબના બાળપણના અનુભવો, ઘટનાઓ તેમના જ શબ્દો છે. આ જ પ્રકરણમાં પોતાના ગુરૂ બુદ્ધ, કબીર અને જ્યોતિબા ફૂલે વિશે બાબાસાહેબે કહ્યું છે, ‘કબીરના જીવન અને તેમના વિચારમાં રહેલાં તત્ત્વોનો ઉચ્ચ ડિગ્રી મેળવ્યા પછી પણ પૈસા કમાવા કરતાં સમાજસેવાને વધુ મહત્ત્વ આપતાં ડૉ. આંબેડકર લખે છે, ‘મારું લક્ષ્ય એટલું જ કે મને બે ટંકનું ભોજન મળે અને આપણા સમાજની સેવા કરું... પોયબાવાડી ચૉકી પાસે ૪૮ અને ૫૦ નંબરની ખોલીમાં મેં કણકી અને રોટલા પર દહાડા ટૂંકા કર્યા છે, પણ સમાજસેવા છોડીને તગડા પગારવાળી નૉકરી ભણી જોયું નથી.’

ગાંધીજીના આઝાદી માટેના સત્યાગ્રહો અને ડૉ. આંબેડકરના સામાજિક મુક્તિના સત્યાગ્રહો વિશે બાબાસાહેબ કહે છે, ‘૧૯૧૯માં ગાંધીજી રાજકારણમાં પ્રવેશ્યા ત્યારથી હું પણ રાજકારણમાં છું. તેમ મારા પર વિશેષ પ્રભાવ પડ્યો. મને લાગે છે કે બુદ્ધના તત્ત્વજ્ઞાનનું રહસ્ય કબીર પામી ગયા હતા.’

પુસ્તકો પ્રત્યેના તેમના ગાઢ પ્રેમની વાત કરતા બાબાસાહેબ લખે છે, ‘વિદ્યા પ્રત્યે મારા મનમાં અજબની લગની છે. લગભગ વીસેક હજાર પુસ્તકો મારી પાસે હશે.’

આજના ઉચ્ચ શિક્ષણ લીધેલા યુવાનો માત્ર જયારે પૈસા કમાવા પાછળ જ પાગલ છે ત્યારે વિદેશની છતાં અમારા રસ્તા કદી ભેગા ન થયા. અમે ઘણી આફતો વહોરી છે. મહાડનો જળ સત્યાગ્રહ, નાસિકનો મંદિર પ્રવેશ સત્યાગ્રહ જેવા સત્યાગ્રહ કર્યા પણ કોઈએ એ સત્યાગ્રહો ભણી સહાનુભૂતિ દેખાડી નથી.’

બીજા પ્રકરણ ‘મારા ચારિત્ર્યના ઘડવૈયા : પિતાજી’માં બાળપણમાં પોતના ઘડતરમાં પિતાજીના મહદ્ ફાળાને નોંધતાં બાબાસાહેબ લખે છે, ‘મારા પિતાજી શિક્ષક હતા. એમની ભણાવવાની ઢબ બહુ સરસ હતી. તેના કારણે અમારા ઘરમાં બધાને સારું લખતાં-વાંચતાં આવડતું હતું. એટલું જ નહીં, મારા મોટાં બહેન તો પાંડવ પ્રતાપ, રામાયણ જેવા ગ્રંથો વાંચીને તેનું વિવેચન કરી શકતાં હતાં... અમારામાં ભણવાની અભિરૂચિ જાગે, અમારું ચારિત્ર્ય સારું બને તે માટે પિતાજી બહુ સભાન હતા. તે અમને જમવા બેસતા પહેલાં ઘરના પૂજાસ્થળ પાસે બેસાડી ભજન, અભંગ, દોહા વગેરે સંભળાવતા.’

ત્રીજા પ્રકરણ ‘અભ્યાસ યાત્રા : શિક્ષણથી સંશોધન સુધી’માં ડૉ. આંબેડકર તેમની અટક આંબેડકર કઈ રીતે થઈ તેનો મજેદાર ઈતિહાસ આપે છે. આ જ પ્રકરણમાં તેઓ સંસ્કૃત ભાષા પ્રત્યે ઉત્કટ પ્રેમ હોવા છતાં આભડછેટને કારણે સંસ્કૃત શિક્ષકે સંસ્કૃત ભણાવવાનો ઇનકાર કરતાં વિવશ થઈને ફારસી ભાષા શીખવકી પડી તે ઘટના વર્ણવે છે. અમેરિકા ઉચ્ચ અભ્યાસ માટે જતાં તેમની ભીતર છુપાયેલી શક્તિને જે ગતિ મળી અને તેની સંશોધન દૃષ્ટિનો વિકાસથયો, સ્વતંત્ર વિચાર શક્તિ ખીલી તે વિશે બાબાસાહેબ વિગતે વાત કરે છે. ચૉથા પ્રકરણ ‘વેઈટીંગ ફોર વીસા’માં બાબાસાહેબે પોતાને થયેલા અસ્પૃશ્યતાના અનુભવો તથા પોતાના જેવા જ અન્ય વ્યક્તિઓને થયેલા નિજી અનુભવો, વિદેશીઓને ભારતના આવા વ્યક્તિઓની સમસ્યાઓનો ખ્યાલ આવે તે માટે લખ્યા છે. પુસ્તકના આમુખમાં ચંદુભાઈ સાચું જ કહે છે, ‘દેશ દેશ વચ્ચેની ભૌગોલિક સરહદોઓળંગવા માનવસર્જિત પરવાના પ્રણાલી (વિઝા) જરૂરી હોઈ શકે પણ હિન્દુધર્મીઓને પોતાના જાતભાઈ એવા અસ્પૃશ્યોના દિલના દરવાજે દસ્તક દેવા કયા પરવાનાની જરૂર પડે.’ સારા-માઠા પ્રસંગોએ સમાજમાં ભેટ આપવા જેવી ડૉ. બાબાસાહેબ આંબેડકરના જ શબ્દોમાં લખાયેલી પ્રેરણારૂપ આ નાનકડી પુસ્તિકા સાવ નજીવી કિંમતે ઉપલબ્ધ છે.